આપણે મીઠાશનો વેપાર કરવાનો હતો,
ને વળી દરિયામાં કારોબાર કરવાનો હતો.

એમની શરતે પ્રણય પુરવાર કરવાનો હતો,
ગ્રીષ્મમાં વરસાદ મુશળધાર કરવાનો હતો.

જોઈ મારી ખિન્નતા, ખંજર હુલાવ્યું એમણે;
હું તો મારા આયનામાં વાર કરવાનો હતો.

છેવટે થાકીને દુનિયાભરનાં દુઃખ બેસી પડ્યાં,
હું ઉદાસીને હવે હથિયાર કરવાનો હતો.

આપણે પોતે હતા લોહી-નીતરતાં, ને હુકમ;
લોહી-તરસ્યા વિશ્વની દરકાર કરવાનો હતો.

એમની એક ફૂંક પર નિર્ભર હતો ને આપણે;
એ જ પરપોટાનો જીર્ણોદ્ધાર કરવાનો હતો

પાપ રાતોરાત થોડું થાય છે!
એ તો પહેલાં મનમાં મોટું થાય છે.

એટલું વગદાર નીકળ્યું જૂઠ કે,
કાળું આપોઆપ ધોળું થાય છે.

કોઈને દિલમાંથી કાઢી ના શક્યા,
એટલું ક્યાં હાર્ટ પહોળું થાય છે!

ટોચ પર તું શુદ્ધ છે, સાચવ તને;
જળ નીચે આવીને ડહોળું થાય છે.

કોઈ એવું સ્થાન હોવું જોઈએ,
મુગ્ધતાનું જ્યાં રખોપું થાય છે.

તારું સ્થાપન જ્યાં થયું ત્યાં આસપાસ,
જો ગરજવાનોનું ટોળું થાય છે.

દર વખત છોરું કછોરું થાય નહીં,
ક્યાંક માળીથીય ખોટું થાય છે.

બાદશાહી તારી તું એ રીતે જો,
શાલ અંતે તો મસોતું થાય છે.

હતો એ જાનલેવા જંગ છોડીને નથી આવ્યો,
મને જીત્યો છું; કોઈને હરાવીને નથી આવ્યો.

અહીં પ્હોંચ્યો છું, મારા હાથપગ જાતે દબાવીને;
પરંતુ કોઈના હું પગ દબાવીને નથી આવ્યો.

હું પાપી પેટના પ્રશ્ને અહીં પરદેશમાં છું; પણ
વતનમાં માવતરને રડતાં મૂકીને નથી આવ્યો.

તું તારા દિલથી હારી જાય, એ મર્દાનગી મારી;
હું મૂછે તાવ દઈ કે વળ ચડાવીને નથી આવ્યો.

સૂરજની નોકરીથી બરતરફ તેથી કરાયો છું,
ફૂલો પરથી કદી ઝાકળ ઉડાવીને નથી આવ્યો.

શિવાલય ને સુરાલય મારી મસ્તીનાં છે સરનામાં,
એ પીડાનાં ચિકિત્સાલય છે; માનીને નથી આવ્યો.

કલાકાર જ ગમે છે શાસ્ત્ર કરતાં એ જ કારણથી,
કળાયલ મોરની હું પીઠ ભાળીને નથી આવ્યો.

હવે એક બસ, આખરી મનસૂબો છે;
અરીસામાં છે એને પડકારવો છે.

પવન પાણીના પ્રેમમાં જ્યાં ડૂબ્યો છે,
ત્યાં પરપોટો ઢંઢેરો પીટતો ઊભો છે.

પરાજય પછી એ વધુ ઝળહળ્યો છે,
એ દુશ્મનની મર્યાદા જાણી ગયો છે.

દીવાએ, જે અંધારને બાળી મૂક્યો,
એ વંટોળિયો થઈને જન્મી ચૂક્યો છે.

હવે ક્યાંથી એને હરાવી શકાશે,
જે મનને હરાવીને બેઠો થયો છે!

હવે કોઈ આવીને સરખું કરી દો,
અહીં માણસાઈમાં ગોબો પડ્યો છે.

એ કહેતો હતો, 'જે થશે જોઈ લઈશું';
ખરેખર થયું, તો એ જોઈ રહ્યો છે!

હું ઇચ્છું છું જે, આ છે એનો અજંપો;
ન તારા સુધી પ્હોંચે મારો અજંપો.

ઉમેરું તને કે કરું બાદ, તો પણ;
મળે સાંજને છેડે નકરો અજંપો.

ઘણી વાર ખૂણામાં બેસીને જોયું,
તો મારી પલાંઠીમાં પેઠો અજંપો.

તને એનું હું સ્થાયી સરનામું આપું?
મળે માની આંખોમાં ફરતો અજંપો.

નથી એકલો તું અજંપાથી પીડિત
જો પરપોટો પાણીનો તરતો અજંપો.

અજંપામાં ક્યારેક બબડી ઊઠું છું,
કવિતા તું બારાખડીનો અજંપો.

દિવસભર જુએ જ્યાં ઉધામા ઉધામા,
પછી ત્યાં કરે રાતવાસો અજંપો.

જેને ખુદને મળી ભીતરમાં મજા નહીં આવે,
એને બીજે કશે કે ઘરમાં મજા નહીં આવે.

પાંખ કાપ્યા પછી, મારો તમે સોદો કરજો,
પાંખ સાથે મને પિંજરમાં મજા નહીં આવે.

દુનિયા બદલાઈ છે, તો આપણે શું કરવાનું?
ગાંધીના એ ત્રણે બંદરમાં મજા નહીં આવે.

બાગમાં પાલતુ ભમરા તમે લાવ્યા છો; પણ
ફૂલને એમના હુન્નરમાં મજા નહીં આવે.

કૈં વધારે નહીં, બસ, દિલના ખૂણે રહેવા દો;
આમે તરસ્યાને સમંદરમાં મજા નહીં આવે.

મોજ ગમતી મળે, તો શિસ્તને નેવે મૂકજો;
હોય વરસાદ તો શાવરમાં મજા નહીં આવે.

'સંભવામિ' ભલે આ વખતે નથી સંભવ, સમજ્યા;
પણ હવે અમને નવા વરમાં મજા નહીં આવે.

તારા સુખનું પલ્લું નમતું જઈ રહ્યું ત્યાં ખાઈ છે,
મારા સુખના પલ્લામાં સંતોષની ઊંચાઈ છે.

'કર લો દુનિયા મુટ્ઠી મેં' તો એમાં શી મોટાઈ છે?
'રખ લો દુનિયા દિલ કે અંદર', એમાં ભલમનસાઈ છે.

ભૂલ કાઢી તમને જે સામે ઊભા રાખે છે એ,
તમને જોવાની અરીસાની અવળચંડાઈ છે.

આ સમંદર, ચાંદ ને વરસાદ, બસ આપે જવાબ;
પૂરના ગુનામાં નદીઓ ખાલી સંડોવાઈ છે.

આપ આખેઆખી રાખી લો અહીં બારાખડી;
ને અમે રાખીશું જેના અક્ષરો બસ ઢાઈ છે.

ટોચ પર પ્હોંચી ગયા; પણ માથું ભારે થઈ ગયું,
એક્સ-રેમાં એટલું આવ્યું, 'મગજમાં રાઈ' છે.

અરજી દયાની મારા તરફથી થશે નહીં,
કરશો કૃપા; તો એમાં મજા આવશે નહીં.

બોલ્યો છું સાચું ને પછી પણ બોલવાનો છું,
જીવી જઈશ, તો તમને જીવન ફાવશે નહીં.

ભમરાની પાસે બેસવા તત્પર છે, જે ફૂલો;
ઈશ્વરનાં ચરણે એમનું મન લાગશે નહીં.

હું તો ત્રિદેવ એમની અંદર નિહાળું છું,
શી ખાતરી કે અંગૂઠો એ માંગશે નહીં?

પિંજર તું ડાળ પર ભલે લટકાવી રાખ; પણ
જોજે એ ઝાડ પર કદી ફળ આવશે નહીં.

વાતાવરણ ભીતરથી જ બદલાવવું પડે,
બારી કે બારણાં કશું બદલાવશે નહીં.

તમારાથી તમને મિલાવી શકે; કવિતાથી બીજું તો શું થઈ શકે?
તમે કહેવા માંગો એ બોલી શકે; કવિતાથી બીજું તો શું થઈ શકે?

સૂની સાંજે બારીના એકાંતને, સ્મરણ ન્હોર મારીને ઘાયલ કરે;
ત્યાં પંક્તિ મલમ લઈને આવી શકે; કવિતાથી બીજું તો શું થઈ શકે?

અચાનક સમંદરના તોફાનમાં, તમારી ડૂબે નાવડી જે ઘડી;
હલેસામાં જુસ્સો ટકાવી શકે; કવિતાથી બીજું તો શું થઈ શકે?

અગાસીમાં વરસાદ જોયા પછી, જૂની કોઈ વરસાદી પળ મૂંઝવે;
જિવાયેલી એ પળ જિવાડી શકે; કવિતાથી બીજું તો શું થઈ શકે?

કદી સાંજ પહેલાં ડૂબે સૂર્ય ને બધે ઘોર અંધાર અંધાર હોય,
તો દશ્યો નયનનાં એ બદલી શકે; કવિતાથી બીજું તો શું થઈ શકે?

જગત રાગ ને દ્વેષની આગમાં, કદી લોહીલુહાણ જોવા મળે,
એ માણસને માણસ બનાવી શકે; કવિતાથી બીજું તો શું થઈ શકે?

પ્રથમ તમે આ બધાથી થોડા અલગ પડો, તો મજા પડી જાય;
તમે મને જે કહ્યા કરો છો, તમે કરો તો મજા પડી જાય.

આ પીળાં પર્ણો સ્વયં ખસીને, નવાંની ડાળે જગા કરે છે;
હવે આ પહેલી હરોળમાંથી, તમે ખસો, તો મજા પડી જાય.

ઝરૂખે બેસી તમે લખેલી, સૂરજની ગઝલો સરસ છે કિન્તુ;
કદીક તડકો ઉઘાડા બરડે ઝીલી લખો, તો મજા પડી જાય.

રમું છું, એ જોઈને કહો છો, તમારે તો બસ મજા મજા છે;
તો મારા બદલે રમો આ બાજી, પછી કહો, તો મજા પડી જાય.

પતંગમાં જો પવન ભરાશે, પછી વજન દોરનુંય લાગે,
રમત આ સમજી પતંગ નીચે ઉતારી લ્યો, તો મજા પડી જાય.

વંટોળની મુરાદનો પડઘો પડ્યો નહીં;
ભીંતો વગરના ઘરને ઘસરકો પડ્યો નહીં.

વર્ષાની લાગવગ લઈ ટીપું પડ્યું હતું;
મોતી થવાની વાતમાં દરિયો પડ્યો નહીં.

ફૂલો અને પતંગિયાં આવ્યાં વધુ નજીક;
માળી વગરના બાગમાં ઝઘડો પડ્યો નહીં.

ઝાકળની લ્હાયમાં મેં સૂરજ અવગણ્યો, પછી
મારી કશીય વાતમાં તડકો પડ્યો નહીં.

આખું જગત હરાવીને હું મંચ પર ગયો;
ફોટા ઘણા પડ્યા, છતાં હસતો પડ્યો નહીં.

જીવન સળંગ વાક્યની જાણે કિતાબ છે;
વાંચું છું ક્યારનો હજી ફકરો પડ્યો નહીં.

આવ્યું કશું ન હાથમાં અંતિમ ઘડી સુધી,
આવી ઊભા છે શ્વાસ, હવે હાંસડી સુધી.

સમજી જવાય જીવતાં, તો મોજથી જિવાય,
આ મોજડી ને પાઘડી છે ઠાઠડી સુધી.

મારી હથેળીને વધુ ભણતરની છે જરૂર;
સ્પર્શે છે હમણાં તો તને બસ ચામડી સુધી.

બાળક નિશાળમાં ગયું, પાટી ને પેન લઈ;
લાગ્યું કે જાણે ફૂલ ગયું છાબડી સુધી.

સંગાથે જેને આપણે હંકારતા હતા;
દરરોજ જાઉં છું હજી એ નાવડી સુધી.

એક જ જગાએ કેટલું બેસી શકાય, બોલ?
લઈ જા તું આંખડીથી હૃદય દાબડી સુધી.

પિતાની જગા જ્યાં મને મેં મૂક્યો, પછી જાણ થઈ; બાપ ક્યારે થવાય!
અને જો સમય સામે થોડું લડ્યો, પછી જાણ થઈ; બાપ ક્યારે થવાય!

ઘરે આવીને એક વંટોળિયો, અચાનક ઉડાડી ગયો છાપરું,
ને હું એકદમ ઘરનો મોભી બન્યો, પછી જાણ થઈ; બાપ ક્યારે થવાય!

બધી આપદા એકલો જોંઉ ને, સતત ધ્યાન રાખું ન દીકરા જુએ;
ખૂણામાં જઈ જે ઘડી હું રડ્યો, પછી જાણ થઈ; બાપ ક્યારે થવાય!

મેં યત્નોના સિક્કા ઉછાળ્યા કર્યા, છતાં છાપ ગમતી ન એકે પડી.
ને દીકરોય એવું જ કરતો મળ્યો, પછી જાણ થઈ; બાપ ક્યારે થવાય!

પ્રથમ હું પિતા દીકરીનો થયો, ને વર્ષો પછી એક ઘટના ઘટી;
હું દીકરી વળાવી જ્યાં પાછો ફર્યો, પછી જાણ થઈ; બાપ ક્યારે થવાય!

મેં પહેલેથી ઘર મોટું લીધું હતું, બધાં એકસાથે રહે એટલે;
એ ઘરમાં નવી ભીંતો જોતો રહ્યો, પછી જાણ થઈ; બાપ ક્યારે થવાય!

પેટ બાંધીને ભૂખ તો ભાંગી;
પણ પછી મન થઈ ગયું બાગી.

ચીસ આંતરડે વીંટીને મારી;
તોય તમને હૃદયમાં ના વાગી?

ઝાંઝરી પ્હેરી ઝાંઝવે ચાલ્યાં,
મૂળે જળનાં અમે અનુરાગી.

ફક્ત સૂર્યાસ્તથી જ રાત પડે?
રાત પડખામાં રાતભર જાગી.

ફૂલના ઘરમાં મ્હેક ઊછરી'તી;
તોય ફૂલોને પારકી લાગી!

સંતને પાસેથી મળ્યો, તો થયું;
હું તો વરણાગી; પણ આ વૈરાગી?

થાય એવું જ કામ છે ઈશ્વર;
સ્વપ્નમાં સુખની માનતા માંગી.

જરા આગળ વધો ઝરમર ટપકવાથી;
હૃદય કેવળ હૃદય રહેશે ધબકવાથી

કશું અટક્યું નહીં, મારા અટકવાથી;
હું બદલાયો છું, મારામાં સરકવાથી.

પવન ઝાઝી કરે તરફેણ તો જોજો;
ધજા થઈ જાય, ઝંડો બહુ ફરકવાથી.

ઇનામ આપી દીધું માળીને? કેવાં છો!
ફૂલો ખીલ્યાં'તાં ભમરાના અડકવાથી.

મેં ઘરના ગોખલે દીવો કર્યો એમાં;
ઘણા સળગે છે, મારું ઘર ચમકવાથી.

વજન સરખું છે દિલ પર, બેઉ ઘટનામાં;
ઉમળકા મૂકતાં, ચસ્કા ઊંચકવાથી.